**સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૦.**

## ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) વિધેયક, ૨૦૨૧



| કલમ | વિગત |
|---|---|
| **પ્રકરણ ૧<br>પ્રારંભિક** | |
| ૧. | ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ. |
| ૨. | વ્યાખ્યા. |
| **પ્રકરણ ૨<br>ચિકિત્સા સંસ્થાઓ માટેનું રજિસ્ટ્રેશન અને તે માટેનાં ધોરણો** | |
| ૩. | ચિકિત્સા સંસ્થા માટેની રાજ્ય કાઉન્સિલ. |
| ૪. | રાષ્ટ્રીય કાઉન્સિલને માહિતી પૂરી પાડવા બાબત. |
| ૫. | રજિસ્ટ્રેશન માટેનું સત્તામંડળ. |
| ૬. | ચિકિત્સા સંસ્થાઓ માટેનું રજિસ્ટ્રેશન. |
| ૭. | રજિસ્ટ્રેશન માટેની શરતો. |
| ૮. | ચિકિત્સા સંસ્થાઓનું વર્ગીકરણ. |
| **પ્રકરણ ૩<br>રજિસ્ટ્રેશન માટેની કાર્યરીતિ** | |
| ૯. | રજિસ્ટ્રેશનના કામચલાઉ પ્રમાણપત્ર માટેની અરજી. |
| ૧૦. | કામચલાઉ પ્રમાણપત્ર. |
| ૧૧. | કામચલાઉ રજિસ્ટ્રેશન પહેલાં કોઈ તપાસ નહિ કરવા બાબત. |
| ૧૨. | કામચલાઉ રજિસ્ટ્રેશનની માન્યતા બાબત. |
| ૧૩. | રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર પ્રદર્શિત કરવા બાબત . |
| ૧૪. | પ્રમાણપત્રની બીજી નકલ કાઢી આપવા બાબત. |

| | |
|---|---|
| ૧૫. | પ્રમાણપત્ર બિન.તબદીલીપાત્ર હોવા બાબત- |
| ૧૬. | રજિસ્ટ્રેશનની મુદત પૂરી થયાની પ્રસિદ્ધિ બાબત. |
| ૧૭. | રજિસ્ટ્રેશન તાજું કરાવવા બાબત. |
| ૧૮. | કામચલાઉ રજિસ્ટ્રેશન કરાવવા માટેની સમયમર્યાદા. |
| ૧૯. | કાયમી રજિસ્ટ્રેશન માટેની અરજી. |
| ૨૦. | અરજીની ખરાઈ કરવા બાબત. |
| ૨૧. | વાંધા રજૂ કરવા માટે માહિતી પ્રદર્શિત કરવા બાબત. |
| ૨૨. | વાંધા અંગે જાણ કરવા બાબત. |
| ૨૩. | કાયમી રજિસ્ટ્રેશન માટેના ધોરણો. |
| ૨૪. | રજિસ્ટ્રેશન મંજૂર અથવા નામંજૂર કરવા બાબત. |
| ૨૫. | કાયમી રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર. |
| ૨૬. | કાયમી રજિસ્ટ્રેશન માટે નવી અરજી બાબત. |
| ૨૭. | રજિસ્ટ્રેશન રદ કરવા બાબત. |
| ૨૮. | રજિસ્ટર થયેલ ચિકિત્સા સંસ્થાઓનું નિરીક્ષણ. |
| ૨૯. | પ્રવેશ કરવાની સત્તા. |
| ૩૦. | રાજ્ય સરકાર દ્વારા ફીની વસૂલાત. |
| ૩૧. | અપીલ. |

**પ્રકરણ ૪**

**ચિકિત્સા સંસ્થાઓનું રજિસ્ટર**

| | |
|---|---|
| ૩૨. | ચિકિત્સા સંસ્થાઓનું રજિસ્ટર. |
| ૩૩. | ચિકિત્સા સંસ્થાઓનું રાજ્ય રજિસ્ટર નિભાવવા બાબત. |
| | **પ્રકરણ ૫**<br>**શિક્ષા** |
| ૩૪. | શિક્ષા . |
| ૩૫. | બિન .(દંડ)રજિસ્ટ્રેશન માટે નાણાકીય શિક્ષા- |
| ૩૬. | આદેશનો અનાદર કરવા, અવરોધ ઊભો કરવા અને માહિતીનો ઇનકાર કરવા બાબત . |
| ૩૭. | નજીવી ખામીઓ માટે દંડ. |
| ૩૮. | કંપનીઓ દ્વારા ઉલ્લંઘન. |
| ૩૯. | સરકારી ચિકિત્સા સંસ્થાઓએ કરેલા ગુના. |
| ૪૦. | જમીન મહેસૂલની બાકી તરીકે દંડની વસૂલાત. |
| | **પ્રકરણ ૬**<br>**પ્રકીર્ણ** |
| ૪૧. | શુદ્ધબુદ્ધિથી લીધેલા પગલાંને રક્ષણ. |
| ૪૨. | પત્રકો વગેરે રજૂ કરવા બાબત. |
| ૪૩. | આદેશો આપવાની સત્તા. |
| ૪૪. | સત્તામંડળના કર્મચારીઓ વગેરે જાહેર સેવકો હોવા બાબત. |
| ૪૫. | નિયમો કરવાની સત્તા. |
| ૪૬. | મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા. |
| ૪૭. | રદ કરવા બાબત અને અપવાદ. |

**GUJARAT BILL NO. 20 OF 2021.**

# THE GUJARAT CLINICAL ESTABLISHMENTS (REGISTRATION AND REGULATION) BILL, 2021.

## *A BILL*

*to provide for the registration and regulation of clinical establishments in the state of Gujarat and for matters connected therewith or incidental thereto.*

**સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૦.**

## ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) વિધેયક, ૨૦૨૧.

**ગુજરાત રાજ્યમાં ચિકિત્સા સંસ્થાઓનું રજિસ્ટ્રેશન કરવા અને તેનું નિયમન કરવા માટેની અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક.**

જાહેર આરોગ્યમાં સુધારો કરવા માટે, સંવિધાનના અનુચ્છેદ ૪૭ના આદેશને સિદ્ધ કરી શકાય તે માટે ચિકિત્સા સંસ્થાઓ દ્વારા પૂરી પાડવામાં આવે તેવી સુવિધાઓ અને સેવાઓના ધોરણો ઠરાવવાના હેતુથી ચિકિત્સા સંસ્થાઓનું રજિસ્ટ્રેશન કરવા અને તેનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવાનું ઇષ્ટ જણાયું છે;

આથી, ભારતના ગણરાજયના બોત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

### પ્રકરણ ૧
### પ્રારંભિક

**ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.**

૧. (૧) આ અધિનિયમ ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે:

પરંતુ જુદી જુદી કક્ષાઓની ચિકિત્સા સંસ્થાઓ માટે અને જુદી જુદી માન્યતાપ્રાપ્ત ચિકિત્સા પદ્ધતિઓ માટે જુદી જુદી તારીખો નક્કી કરી શકાશે.

વ્યાખ્યા. **૨.** આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) "સત્તામંડળ" એટલે કલમ ૫ હેઠળ રચાયેલું જિલ્લા રજિસ્ટ્રેશન સત્તામંડળ;

(ખ) "પ્રમાણપત્ર" એટલે આ અધિનિયમ હેઠળ કાઢી આપેલું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર;

(ગ) "ચિકિત્સા સંસ્થા (ક્લિનિકલ એસ્ટાબ્લીશમેન્ટ) " એટલે-

(૧) કોઇ માન્યતાપ્રાપ્ત ચિકિત્સા પદ્ધતિ દ્વારા માંદગી, ઇજા, શારીરિક ખોડ, વિકૃતિ અથવા સગર્ભાવસ્થા માટે નિદાન, સારવાર અથવા સંભાળ રાખવા માટેની જરૂરી સેવાઓ, સુવિધાઓ પૂરી પાડતા હોય તેવા, કોઇ વ્યક્તિ અથવા સંસ્થાપિત હોય અથવા ન હોય તેવા વ્યક્તિઓના મંડળ દ્વારા સ્થપાયેલા અને સંચાલિત અથવા તેમના દ્વારા નિભાવવામાં આવતા હોસ્પિટલ, પ્રસૂતિગૃહ, નર્સિંગ હોમ, (ડિસ્પેન્સરી) ઔષધાલય, ક્લિનિક, સેનિટોરિયમ (આરોગ્ય ભવન) અથવા ગમે તે નામે ઓળખાતી સંસ્થા; અથવા

(૨) રોગોના નિદાન અથવા તેની સારવારના સંબંધમાં, સામાન્ય રીતે પ્રયોગશાળા (લેબોરેટરી) અથવા અન્ય તબીબી સાધનોની મદદથી જ્યાં પેથોલોજિકલ(રોગવિજ્ઞાન વિષયક), જીવાણુવિષયક, આનુવંશિક, વિકિરણ-ચિકિત્સા સંબંધી (રેડિયોલોજિકલ), રાસાયણિક, જૈવિક તપાસ અથવા અન્ય રોગનિદાન વિષયક અથવા તપાસ વિષયક સેવાઓ આપવામાં આવતી હોય તેવું, કોઇ વ્યક્તિ અથવા સંસ્થાપિત હોય અથવા ન હોય તેવા વ્યક્તિઓના મંડળ દ્વારા સ્થપાયેલું અને સંચાલિત અથવા તેમના દ્વારા નિભાવવામાં આવતું સ્વતંત્ર એકમ અથવા પેટા-ખંડ (૧)માં ઉલ્લેખેલ સંસ્થાના ભાગ તરીકે સ્થપાયેલું સ્થળ;

અને તેમાં,

(ક) સરકાર અથવા સરકારના વિભાગ;

(ખ) જાહેર અથવા ખાનગી ટ્રસ્ટ;

(ગ) કેન્દ્રીય, પ્રાંતીય (પ્રોવિન્શિયલ) અથવા રાજ્ય અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલું, સરકારની માલિકીનું હોય અથવા ન હોય તેવું (મંડળી સહિતનું) કોર્પોરેશન;

(ઘ) સ્થાનિક સત્તામંડળ; અને

(ચ) કોઇ ડોક્ટર,

-ની માલિકીની, તેના દ્વારા નિયંત્રિત અથવા સંચાલિત ચિકિત્સા સંસ્થાઓનો સમાવેશ થશે પણ તેમાં, સશસ્ત્ર દળોની માલિકીના, તેના દ્વારા નિયંત્રિત અથવા સંચાલિત ચિકિત્સા સંસ્થાઓનો સમાવેશ થતો નથી.

**સ્પષ્ટીકરણ.**-આ ખંડના હેતુ માટે, "સશસ્ત્ર દળો" એટલે ભૂમિદળ અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના ૪૬મા), હવાઇ દળ અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના ૪૫ મા) અને નૌકાદળ અધિનિયમ, ૧૯૫૭ (સન ૧૯૫૭ના ૬૨ મા) હેઠળ રચાયેલા દળો;

(ઘ) "આકસ્મિક તબીબી સ્થિતિ" એટલે તાત્કાલિક તબીબી દેખભાળના અભાવના પરિણામસ્વરૂપે, વાજબી રીતે,-

(૧) વ્યક્તિના આરોગ્યને અથવા ગર્ભવતી મહિલાના સંબંધમાં, તે મહિલા અથવા તેના અજાત બાળકના આરોગ્યને ગંભીર ખતરો ઊભો થવાની; અથવા

(૨) શારીરિક કામગીરીને ગંભીર ક્ષતિ થવાની; અથવા

(૩) શરીરનું કોઇ અંગ અથવા ભાગ ગંભીર રીતે નિષ્ક્રિય થવાની,

સંભાવના હોય તેવા પ્રકારની (તીવ્ર પીડા સહિતની) તીવ્ર ગંભીરતાના ઉગ્ર લક્ષણો દ્વારા આપમેળે ઉત્પન્ન થતી તબીબી સ્થિતિ;

(ચ) "ઠરાવેલું" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(છ) "માન્યતાપ્રાપ્ત ચિકિત્સા પદ્ધતિ" એટલે એલોપેથી, યોગ, નેચરોપથી (નિસર્ગોપચાર પદ્ધતિ), આયુર્વેદ, હોમિયોપથી, સિદ્ધ અને યુનાની ચિકિત્સા પદ્ધતિ અથવા કેન્દ્ર સરકાર દ્વારા માન્ય કરવામાં આવે તેવી અન્ય કોઇ ચિકિત્સા પદ્ધતિ;

(જ) "રજિસ્ટર" એટલે અનુક્રમે કલમો ૩૨ અને ૩૩ હેઠળ સત્તામંડળે, રાજ્ય સરકારે અને કેન્દ્ર સરકારે નિભાવેલું, રજિસ્ટર થયેલી ચિકિત્સા સંસ્થાઓની સંખ્યા ધરાવતું રજિસ્ટર;

(ઝ) "રજિસ્ટ્રેશન" એટલે કલમ ૬ હેઠળ રજિસ્ટર કરવું અને "રજિસ્ટ્રેશન" અથવા "રજિસ્ટર કરેલું" એ શબ્દપ્રયોગનો અર્થ તદનુસાર થશે;

(ટ) "ધોરણો" એટલે રાજ્ય સરકાર, ચિકિત્સા સંસ્થાઓના રજિસ્ટ્રેશન માટે કલમ ૨૩ હેઠળ ઠરાવી શકે તેવી શરતો; અને

(ઠ) "(તેના વ્યાકરણીય રૂપો અને સમૂલીય શબ્દપ્રયોગો સહિત) સ્ટેબીલાઇઝ (સ્થિર કરવું)" એટલે ખંડ (ઘ)માં નિર્દિષ્ટ કરેલી આકસ્મિક તબીબી સ્થિતિના સંબંધમાં, ચિકિત્સા સંસ્થામાંથી વ્યક્તિના સ્થળાંતરને પરિણામે અથવા તે દરમિયાન, વાજબી તબીબી સંભાવનાઓની અંદર, તેની સ્થિતિ વધુ પ્રમાણમાં ખરાબ ન થાય અથવા તેવી સ્થિતિ ન ઉદ્‌ભવે સુનિશ્ચિત કરવા માટે જરૂરી હોય તેવી એ સ્થિતિની તબીબી સારવાર પૂરી પાડવી.

## પ્રકરણ ૨

## ચિકિત્સા સંસ્થાઓ માટેનું રજિસ્ટ્રેશન અને તે માટેનાં ધોરણો

**ચિકિત્સા સંસ્થા માટેની રાજ્ય કાઉન્સિલ.**

3. (૧) રાજ્ય સરકારે, રાજપત્રમાં જાહેરનામાથી, ચિકિત્સા સંસ્થા માટેની રાજ્ય કાઉન્સિલની રચના કરવી જોઇશે.

(૨) રાજ્ય કાઉન્સિલ, નીચેના સભ્યોની બનશે:-

(ક) મંત્રીશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ –જેઓ હોદ્દાની રૂએ, અધ્યક્ષ રહેશે;

(ખ) અધિક મુખ્ય સચિવ/ અગ્ર સચિવ/સચિવ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ –જેઓ હોદ્દાની રૂએ, સભ્ય-સચિવ રહેશે;

(ગ) આરોગ્ય સેવા અને તબીબી શિક્ષણના કમિશનર – હોદ્દાની રૂએ, સભ્ય;

(ઘ) તબીબી સેવાના અધિક સચિવ/ સંયુક્ત સચિવ/ નાયબ સચિવ- હોદ્દાની રૂએ, સભ્ય;

(ચ) તબીબી સેવાના અધિક નિયામક- હોદ્દાની રૂએ, સભ્ય;

(છ) ભારતીય ચિકિત્સા પદ્ધતિની જુદી-જુદી શાખાઓના ડિરેક્ટરો(નિયામકો)- અધિક નિયામકો, હોદ્દાની રૂએ, સભ્યો;

(જ) ગુજરાત મેડિકલ કાઉન્સિલના એક પ્રતિનિધિ;

(ઝ) ગુજરાત નર્સિંગ કાઉન્સિલના એક પ્રતિનિધિ;

(ટ) રાજય સરકારે નામનિયુક્ત કરેલા, રાજયમાં તબીબી ક્ષેત્રે કામ કરતી કાઉન્સિલના બે પ્રતિનિધિ;

(ઠ) વ્યવસાયે ડોક્ટર હોય તેવા સંસદ / વિધાનસભાના ચાર સભ્યો.

(૩) રાજ્ય કાઉન્સિલ નીચે પ્રમાણેના કાર્યો કરશે:-

(ક) ચિકિત્સા સંસ્થાઓના ધોરણો નક્કી કરવા અને દર્દીના અધિકારો નિર્દિષ્ટ કરવા;

(ખ) રાજ્યમાં આ અધિનિયમનું અમલીકરણ કરવું;

(ગ) રાજ્યના ચિકિત્સા સંસ્થાના રજિસ્ટરનું સંકલન કરવું અને તેને અદ્યાવત કરવા;

(ઘ) રાષ્ટ્રીય કાઉન્સિલમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરવું;

(ચ) સત્તામંડળના હુકમો સામેની અપીલની સુનાવણી કરવી; અને

(છ) ધોરણોના અમલીકરણની સ્થિતિ અંગેના અહેવાલ વાર્ષિક ધોરણે પ્રસિદ્ધ કરવો.

રાષ્ટ્રીય કાઉન્સિલને માહિતી પૂરી પાડવા બાબત.

૪. રાજ્યની ચિકિત્સા સંસ્થાઓના રાજ્ય રજિસ્ટરનું સંકલન કરવાની અને અદ્યાવત કરવાની અને રાષ્ટ્રીય રજિસ્ટરને અદ્યાવત કરવા માટે ડિજિટલ સ્વરૂપે માસિક પત્રકો મોકલવાની રાજ્ય કાઉન્સિલની જવાબદારી રહેશે.

રજિસ્ટ્રેશન માટેનું સત્તામંડળ.

૫. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, ચિકિત્સા સંસ્થાઓના રજિસ્ટ્રેશન માટે, દરેક જિલ્લા માટે, નીચેના સભ્યોના બનેલા, જિલ્લા રજિસ્ટ્રેશન સત્તામંડળ તરીકે ઓળખાતા સત્તામંડળની રચના કરશે:-

(ક) જિલ્લા કલેક્ટર- હોદ્દાની રૂએ અધ્યક્ષ;

(ખ) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી/ એસોસિયેટ સિવિલ સર્જન/ તબીબી અધિક્ષક- સભ્ય-સચિવ;

(ગ) સંબંધિત જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી;

(ઘ) સંબંધિત જિલ્લામાં હોસ્પિટલ ચલાવતા હોય તેવા ગ્રાન્ટ-ઇન-એઇડ ઓર્ગેનાઇઝેશન(અનુદાનિત સંગઠન)ના પ્રતિનિધિ (કોઇ હોય તો);

(ચ) જિલ્લા કલેકટર દ્વારા નામનિયુક્ત સંબંધિત વિષયના નિષ્ણાત (જરૂર હોય તો);

(છ) જિલ્લા કલેકટર દ્વારા નામનિયુક્ત, સ્થાનિક તબીબી મંડળના એક પ્રતિનિધિ (કોઇ હોય તો);

(જ) સંબંધિત જિલ્લામાં હકૂમત ધરાવતી યુનિવર્સિટીના તબીબી વિદ્યાશાખાના એક ડીન;

(જ) જિલ્લા કલેકટર દ્વારા નામનિયુક્ત, આયષ, ફિઝિયોથેરપી, ડેન્ટલ અને હોમિયોપથી સાથે સંબંધિત ચાર પ્રતિનિધિ;

(ઝ) સંબંધિત જિલ્લામાં હકૂમત ધરાવતી યુનિવર્સિટીના તબીબી વિદ્યાશાખાના એક ડીન;

(ટ) સ્થાનિક સંસદ સભ્ય/ વિધાનસભાના સભ્ય- તે વ્યવસાયે તબીબ (એલોપથી અથવા આયુર્વેદમાં) હોય તો.

(૨) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કલમ ૯ અને ૧૯ હેઠળ ચિકિત્સા સંસ્થાઓના કામચલાઉ રજિસ્ટ્રેશનના હેતુઓ માટે, જિલ્લા આરોગ્ય અધિકારી અથવા યથાપ્રસંગ, મુખ્ય તબીબી અધિકારી, ઠરાવવામાં આવે તેવી કાર્યરીતિ પ્રમાણે, સત્તામંડળની સત્તા વાપરશે.

**ચિકિત્સા સંસ્થાઓ માટેનું રજિસ્ટ્રેશન.**

૬. આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર તેનું યોગ્ય રીતે રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હોય તે સિવાય, કોઈપણ વ્યક્તિ, ચિકિત્સા સંસ્થા ચલાવી શકશે નહિ.

રજિસ્ટ્રેશન માટેની શરતો.

૭. (૧) રજિસ્ટ્રેશન માટે અને રજિસ્ટ્રેશન ચાલુ રાખવા માટે, દરેક ચિકિત્સા સંસ્થાએ, નીચેની શરતોનું પાલન કરવું જોઈશે:-

(૧) ઠરાવવામાં આવે તેવી સુવિધાઓ અને સેવાના ધોરણો;

(૨) ઠરાવવામાં આવે તેવી કર્મચારીવર્ગની જરૂરિયાત;

(૩) ઠરાવવામાં આવે તેવી રેકર્ડની જાળવણી માટેની અને અહેવાલ આપવા માટેની જોગવાઈઓ;

(૪) ઠરાવવામાં આવે તેવી અન્ય શરતો.

(૨) ચિકિત્સા સંસ્થાએ, તેના કર્મચારીવર્ગ અને ઉપલભ્ય સુવિધાઓને ધ્યાનમાં રાખીને, ચિકિત્સા સંસ્થામાં આવે અથવા લાવવામાં આવેલી કોઈ વ્યક્તિની આકસ્મિક તબીબી સ્થિતિને સ્થિર કરવા માટે, જરૂરી હોય તેવી તબીબી તપાસ અને સારવાર પૂરા પાડવા જોઈશે.

ચિકિત્સા સંસ્થાઓનું વર્ગીકરણ.

૮. (૧) જુદી-જુદી પદ્ધતિઓની ચિકિત્સા સંસ્થાઓને, રાજ્ય સરકાર વખતોવખત ઠરાવે તેવી કક્ષાઓમાં વર્ગીકૃત કરવામાં આવશે.

(૨) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ જુદી-જુદી કક્ષાઓના વર્ગીકરણ માટે જુદા-જુદા ધોરણો ઠરાવી શકાશે:

પરંતુ ચિકિત્સા સંસ્થાઓના ધોરણો ઠરાવતી વખતે, રાજ્ય સરકારે સ્થાનિક પરિસ્થિતિઓને ધ્યાનમાં લેવી જોઈશે.

## પ્રકરણ ૩

## રજિસ્ટ્રેશન માટેની કાર્યરીતિ

રજિસ્ટ્રેશનના કામચલાઉ પ્રમાણપત્ર માટેની અરજી.

૯. (૧) કલમ ૬ હેઠળ ચિકિત્સા સંસ્થાના રજિસ્ટ્રેશનના હેતુઓ માટે, ઠરાવેલી ફી સાથે ઠરાવેલા પત્રકમાં સત્તામંડળને, અરજી કરવી જોઈશે.

(૨) અરજી, રૂબરૂ અથવા પોસ્ટ મારફત અથવા ઓનલાઈન કરવી જોઇશે.

(૩) અરજી સાથે ઠરાવવામાં આવે તેવી વિગતો જોડવી જોઈશે.

(૪) આ અધિનિયમના આરંભના સમયે, કોઈ ચિકિત્સા સંસ્થા અસ્તિત્વ ધરાવતી હોય, તો આ અધિનિયમના આરંભની તારીખથી એક વર્ષની અંદર તેનું રજિસ્ટ્રેશન કરાવવા માટેની અરજી કરવી જોઈશે અને આ અધિનિયમના આરંભ પછી અસ્તિત્વમાં આવે તેવી ચિકિત્સા સંસ્થાએ, તેની સ્થાપનાની તારીખથી છ મહિનાની મુદતની અંદર કાયમી રજિસ્ટ્રેશન કરાવવા માટે અરજી કરવી જોઈશે.

(૫) આવી સંસ્થાઓનું રજિસ્ટ્રેશન કરવાનું ફરમાવ્યું હોય તેવા કોઈ વિદ્યમાન કાયદા હેઠળ કોઈ ચિકિત્સા સંસ્થા અગાઉથી રજિસ્ટર થયેલ હોય તો પણ, તે સંસ્થાએ, પેટા-કલમ (૧)માં ઉલ્લેખ કર્યા પ્રમાણે રજિસ્ટ્રેશન માટે અરજી કરવી જોઈશે.

કામચલાઉ પ્રમાણપત્ર.

**૧૦.** સત્તામંડળે, આવી અરજી મળ્યાની તારીખથી પંદર દિવસની મુદતની અંદર, અરજદારને, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી વિગતો અને તેવી માહિતી ધરાવતું કામચલાઉ રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર કાઢી આપવું જોઈશે.

કામચલાઉ રજિસ્ટ્રેશન પહેલાં કોઈ તપાસ નહિ કરવા બાબત.

**૧૧.** (૧) સત્તામંડળે, કામચલાઉ રજિસ્ટ્રેશન કાઢી આપતાં પહેલાં કોઈ તપાસ કરવી જોઈશે નહિ.

(૨) રજિસ્ટ્રેશનનું કામચલાઉ પ્રમાણપત્ર કાઢી આપ્યું હોય તેમ છતાં, સત્તામંડળે, કામચલાઉ રજિસ્ટ્રેશન આપ્યાના પિસ્તાળીસ દિવસની મુદતની અંદર, આ રીતે કામચલાઉ ધોરણે રજિસ્ટર થયેલી ચિકિત્સા સંસ્થાની તમામ વિગતો, ઠરાવવામાં આવે તેવી રીતે પ્રસિદ્ધ કરાવવી જોઈશે.

કામચલાઉ રજિસ્ટ્રેશનની માન્યતા બાબત.

**૧૨.** કલમ ૧૮ની જોગવાઈઓને અધીન રહીને, દરેક કામચલાઉ રજિસ્ટ્રેશન, રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર કાઢી આપ્યાની તારીખથી બારમા મહિનાના અંતિમ દિવસ સુધી માન્ય ગણાશે અને આવું રજિસ્ટ્રેશન ફરી તાજું કરવાને પાત્ર થશે.

રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર પ્રદર્શિત કરવા બાબત.

**૧૩.** પ્રમાણપત્ર, ચિકિત્સા સંસ્થાની મુલાકાત લેતી દરેક વ્યક્તિ તેને સ્પષ્ટપણે જોઈ શકે તે રીતે, ચિકિત્સા સંસ્થાના સહેલાઇથી દેખાઇ આવે તેવા સ્થળે લગાડેલું રાખવું જોઈશે.

પ્રમાણપત્રની બીજી નકલ કાઢી આપવા બાબત.

**૧૪.** પ્રમાણપત્ર ખોવાઈ જવાના, નષ્ટ થઈ જવાના, ફાટી જવાના અથવા ક્ષતિગ્રસ્ત થઈ જવાના કિસ્સામાં, સત્તામંડળે, ચિકિત્સા સંસ્થાની વિનંતીથી, ઠરાવવામાં આવે તેવી ફીની ચુકવણી કર્યેથી, પ્રમાણપત્રની બીજી નકલ કાઢી આપવી જોઈશે.

પ્રમાણપત્ર બિન-તબદીલીપાત્ર હોવા બાબત.

**૧૫.** (૧) રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર બિન-તબદીલીપાત્ર રહેશે.

(૨) ચિકિત્સા સંસ્થાની માલિકી અથવા સંચાલનમંડળમાં ફેરફાર થવાના પ્રસંગે, ચિકિત્સા સંસ્થાએ, ઠરાવવામાં આવે તેવી રીતે, સત્તામંડળને, આવા ફેરફાર અંગે જાણ કરવી જોઈશે.

(૩) ચિકિત્સા સંસ્થાની કક્ષા અથવા સ્થળમાં ફેરફાર થવાના અથવા ચિકિત્સા સંસ્થા તરીકે કાર્ય કરવાનું બંધ થવાના પ્રસંગે, આવી ચિકિત્સા સંસ્થાએ સંબંધિત રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર સત્તામંડળને (પરત) સોંપી દેવું જોઈશે અને ચિકિત્સા સંસ્થાએ, રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર કાઢી આપવા માટે નવેસરથી અરજી કરવી જોઈશે.

૧૬. સત્તામંડળે, જેના રજિસ્ટ્રેશનની મુદત પૂરી થઈ ચૂકી હોય તેવી ચિકિત્સા સંસ્થાઓના નામ, ઠરાવવામાં આવે તેટલા સમયમાં અને તેવી રીતે, પ્રસિદ્ધ કરાવવા જોઈશે.

રજિસ્ટ્રેશનની મુદત પૂરી થયાની પ્રસિદ્ધિ બાબત.

૧૭. કામચલાઉ રજિસ્ટ્રેશનના પ્રમાણપત્રની માન્યતા પૂરી થવાના ત્રીસ દિવસ પહેલાં, રજિસ્ટ્રેશન ફરી તાજું કરાવવા માટેની અરજી કરવી જોઈશે અને કામચલાઉ રજિસ્ટ્રેશનની મુદત પૂરી થયા પછી, રજિસ્ટ્રેશન ફરી તાજું કરાવવા માટેની અરજી કરવાના કિસ્સામાં, સત્તામંડળે, ઠરાવવામાં આવે તેવી વધારાની ફીની ચુકવણી કર્યેથી, રજિસ્ટ્રેશન ફરી તાજું કરવા માટેની મંજૂરી આપવી જોઈશે.

રજિસ્ટ્રેશન તાજું કરાવવા બાબત.

૧૮. રાજ્ય સરકારે, જે ચિકિત્સા સંસ્થાઓના સંબંધમાં ધોરણો જાહેર કર્યા હોય તે ચિકિત્સા સંસ્થાઓના સંબંધમાં,-

કામચલાઉ રજિસ્ટ્રેશન કરાવવા માટેની સમયમર્યાદા.

(૧) આ અધિનિયમના આરંભ પહેલાં અસ્તિત્વમાં આવી હોય તેવી ચિકિત્સા સંસ્થાઓના કિસ્સામાં, ધોરણો અંગેના જાહેરનામાની તારીખથી એક વર્ષની મુદત પછી;

(૨) આ અધિનિયમના આરંભ પછી પણ ધોરણો જાહેર કર્યાની તારીખ પહેલાં અસ્તિત્વમાં આવી હોય તેવી ચિકિત્સા સંસ્થાઓ માટેના ધોરણો જાહેર કર્યાની તારીખથી એક વર્ષની મુદત પછી; અને

(૩) ધોરણો જાહેર થયા પછી અસ્તિત્વમાં આવી હોય તેવી ચિકિત્સા સંસ્થાઓ માટેના ધોરણો જાહેર કર્યાની તારીખથી છ મહિનાની મુદત પછી,

કામચલાઉ રજિસ્ટ્રેશન કરી આપવું જોઈશે નહિ અથવા ફરી તાજું કરી આપવું જોઈશે નહિ.

૧૯. ચિકિત્સા સંસ્થાએ, સત્તામંડળને, કાયમી રજિસ્ટ્રેશન માટે ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અરજી કરવી જોઈશે અને તેની સાથે ઠરાવવામાં આવે તેટલી ફી જોડવી જોઈશે.

કાયમી રજિસ્ટ્રેશન માટેની અરજી.

અરજીની ખરાઈ કરવા બાબત.

**૨૦.** ચિકિત્સા સંસ્થાએ, ઠરાવેલા લઘુત્તમ ધોરણોનું પાલન કર્યું હોવાનો પુરાવો, ઠરાવવામાં આવે તેવી રીતે રજૂ કરવો જોઈશે.

વાંધા રજૂ કરવા માટે માહિતી પ્રદર્શિત કરવા બાબત.

**૨૧.** ચિકિત્સા સંસ્થા, ઠરાવેલા ધોરણોનું પાલન કર્યા અંગેનો જરૂરી પુરાવો રજૂ કરે પછી તરત જ, સત્તામંડળે, ઠરાવેલા લઘુતમ ધોરણોનું પાલન કર્યા અંગે ચિકિત્સા સંસ્થાએ રજૂ કરેલા તમામ પુરાવા, કાયમી રજિસ્ટ્રેશન કરી આપવાની પ્રક્રિયા શરૂ કરતાં પહેલાં ત્રીસ દિવસ સુધી, સામાન્ય જનતાની જાણ અર્થે અને વાંધા, કોઇ હોય, તો તે રજૂ કરવા માટે, ઠરાવવામાં આવે તેવી રીતે પ્રદર્શિત કરવા જોઇશે.

વાંધા અંગે જાણ કરવા બાબત.

**૨૨.** કલમ ૨૧માં ઉલ્લેખેલી મુદતની અંદર વાંધા મળેલ હોય, તો તે અંગે પિસ્તાળીસ દિવસની અંદર પ્રતિભાવ આપવા માટે, આવા વાંધા અંગે ચિકિત્સા સંસ્થાને જાણ કરવી જોઇશે.

કાયમી રજિસ્ટ્રેશન માટેના ધોરણો.

**૨૩.** ચિકિત્સા સંસ્થા, રાજ્ય સરકારે ઠરાવેલા રજિસ્ટ્રેશન માટેના ધોરણો પરિપૂર્ણ કરે, ત્યારે જ કાયમી રજિસ્ટ્રેશન કરી આપવું જોઇશે.

રજિસ્ટ્રેશન મંજૂર અથવા નામંજૂર કરવા બાબત.

**૨૪.** સત્તામંડળે-

(ક) કાયમી રજિસ્ટ્રેશન માટેની અરજી મંજૂર કરતો; અથવા

(ખ) અરજી નામંજૂર કરતો

હુકમ, ઠરાવેલી મુદત પૂરી થયા પછી તરત જ અને તે પછીના ત્રીસ દિવસની અંદર કરવો જોઇશે:

પરંતુ સત્તામંડળ, કાયમી રજિસ્ટ્રેશન માટેની અરજી નામંજૂર કરે, તો તે માટેનાં પોતાના કારણોની નોંધ કરવી જોઇશે:

**કાયમી રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર.**

૨૫. (૧) સત્તામંડળે, ચિકિત્સા સંસ્થાની અરજી પોતે મંજૂર કરે, તો ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી વિગતો ધરાવતું કાયમી રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર કાઢી આપવું જોઇશે.

(૨) પ્રમાણપત્ર, તે કાઢી આપ્યાની તારીખથી પાંચ વર્ષની મુદત સુધી માન્ય ગણાશે.

(૩) પેટા-કલમ (૧)ના હેતુઓ માટે, કલમો ૧૩,૧૪,૧૫ અને ૧૬ની જોગવાઇઓ પણ લાગુ પડશે.

(૪) કાયમી રજિસ્ટ્રેશન ફરી તાજું કરવા માટેની અરજી, કાયમી રજિસ્ટ્રેશનના પ્રમાણપત્રની માન્યતા પૂરી થાય તે પહેલાં છ મહિનાની અંદર કરવી જોઇશે અને રજિસ્ટ્રેશન ફરી તાજું કરી આપવાની અરજી નિયત મુદતની અંદર કરવામાં ન આવે તેવા કિસ્સામાં, સત્તામંડળ, ઠરાવવામાં આવે તેટલી વધારાની ફીની ચુકવણી કર્યેથી, રજિસ્ટ્રેશન તાજું કરી આપવાની મંજૂરી આપી શકશે.

**કાયમી રજિસ્ટ્રેશન માટે નવી અરજી બાબત.**

૨૬. કાયમી રજિસ્ટ્રેશન માટેની અરજી નામંજૂર કરવાથી, કોઇપણ ચિકિત્સા સંસ્થાને, જે ખામીઓને આધારે અગાઉની અરજી નામંજૂર કરવામાં આવી હોય તે ખામીઓ સુધાર્યા અંગેનો, ફરમાવવામાં આવે તેવો પુરાવો રજૂ કર્યા પછી, કલમ ૧૯ હેઠળ કાયમી રજિસ્ટ્રેશન માટેની નવી અરજી કરતાં અટકાવી શકાશે નહિ.

**રજિસ્ટ્રેશન રદ કરવા બાબત.**

૨૭. (૧) ચિકિત્સા સંસ્થા રજિસ્ટર થયા પછી કોઇ પણ સમયે, સત્તામંડળને ખાતરી થાય કે-

(ક) રજિસ્ટ્રેશનની શરતોનું પાલન થઇ રહ્યું નથી; અથવા

(ખ) ચિકિત્સા સંસ્થાનું સંચાલન સોંપવામાં આવ્યું હોય તે વ્યક્તિ, આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર ગુના માટે દોષિત ઠરેલ છે,

તો, તે (સત્તામંડળ), નોટિસમાં જણાવેલા કારણોસર શા માટે આ અધિનિયમ હેઠળનું તેનું રજિસ્ટ્રેશન રદ ન કરવું તે અંગેના કારણો એક મહિનાની મુદતમાં દર્શાવવા ચિકિત્સા સંસ્થાને નોટિસ આપી શકશે.

(૨) ચિકિત્સા સંસ્થાને વાજબી તક પૂરી પાડ્યા પછી, સત્તામંડળને ખાતરી થાય કે આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ પૈકી કોઈ જોગવાઈનો ભંગ થયેલ છે, તો તે (સત્તામંડળ), હુકમથી, પોતાના દ્વારા આવા ચિકિત્સા સંસ્થા સામે લેવામાં આવે તેવા બીજા કોઇ પગલાંને બાધ આવ્યા સિવાય, તેનું રજિસ્ટ્રેશન રદ કરી શકશે.

(૩) પેટા-કલમ (૨) હેઠળ કરવામાં આવેલો દરેક હુકમ-

(ક) આવા હુકમની સામે કોઇ અપીલ કરવામાં ન આવી હોય, ત્યારે આવી અપીલ માટે ઠરાવેલી મુદત પૂરી થયા પછી તરત જ; અને

(ખ) આવી અપીલ કરવામાં આવી હોય અને તે રદ કરવામાં આવી હોય, ત્યારે અપીલ આવી રીતે રદ કર્યાના હુકમની તારીખથી,

- અમલમાં આવશે:

પરંતુ દર્દીઓના સ્વાસ્થ્ય અને સુરક્ષા બાબતે ભય તોળાઇ રહેલો જણાય, તો સત્તામંડળ, રજિસ્ટ્રેશન રદ કર્યા પછી, કારણોની લેખિતમાં નોંધ કરીને, ચિકિત્સા સંસ્થાને તાત્કાલિક કામ કરતી અટકાવી શકશે.

**રજિસ્ટર થયેલ ચિકિત્સા સંસ્થાઓનું નિરીક્ષણ.**

૨૮. (૧) સત્તામંડળ અથવા તેણે અધિકૃત કરેલા અધિકારીને, પોતે આદેશ કરે તેવી બહુસભ્ય નિરીક્ષણ ટીમ દ્વારા, કોઇ રજિસ્ટર થયેલ ચિકિત્સા સંસ્થા, તેની ઇમારત, પ્રયોગશાળાઓ અને સાધનોના સંબંધમાં તથા ચિકિત્સા સંસ્થા દ્વારા સંચાલિત અથવા કરવામાં આવેલી કામગીરીનું પણ નિરીક્ષણ અથવા તપાસ કરાવવાનો અને ચિકિત્સા સંસ્થાને સંબંધિત બીજી કોઇ બાબતના સંબંધમાં તપાસ કરાવવાનો હક રહેશે અને તે સંસ્થાને ત્યાં રજૂઆત કરવાનો હક રહેશે.

(૨) સત્તામંડળે, આવા નિરીક્ષણ અથવા તપાસના પરિણામના સંદર્ભમાં પોતાના મંતવ્યો ચિકિત્સા સંસ્થાને જણાવવા જોઇશે અને તે અંગે ચિકિત્સા સંસ્થાનો અભિપ્રાય મેળવ્યા બાદ લેવાના પગલાં અંગે તે સંસ્થાને સલાહ આપી શકશે.

(૩) ચિકિત્સા સંસ્થાએ, આવા નિરીક્ષણ અથવા તપાસના પરિણામે લેવા ધાર્યું હોય તેવા અથવા લીધેલાં પગલાં, કોઈ હોય, તો તેની જાણ સત્તામંડળને કરવી જોઇશે અને આવી જાણ, સત્તામંડળ આદેશ કરે તેટલા સમયમાં કરવી જોઇશે.

(૪) ચિકિત્સા સંસ્થા, વાજબી સમયની અંદર, સત્તામંડળને ખાતરી થાય તે રીતે પગલાં ન લે, ત્યારે તે (સત્તામંડળ), ચિકિત્સા સંસ્થાએ રજૂ કરેલી કોઇ સ્પષ્ટતા અથવા કરેલી રજૂઆત વિચારણામાં લઇને, તે સત્તામંડળ યોગ્ય ગણે તેવા આદેશો, આદેશમાં જણાવવામાં આવે તેટલા સમયની અંદર, આપવા જોઇશે અને ચિકિત્સા સંસ્થાઓએ આવા આદેશોનું પાલન કરવું જોઇશે.

**પ્રવેશ કરવાની સત્તા.**

૨૯. કોઇપણ વ્યક્તિ રજિસ્ટ્રેશન કરાવ્યા સિવાય ચિકિત્સા સંસ્થા ચલાવી રહ્યું છે તેવી શંકા કરવાને કોઇ કારણ હોય, તો સત્તામંડળ અથવા તેમણે અધિકૃત કરેલા અધિકારી,

કોઇપણ વાજબી સમયે, ઠરાવેલી રીતે ચિકિત્સા સંસ્થામાં પ્રવેશ કરી શકશે અને તપાસ કરી શકશે અને ચિકિત્સા સંસ્થાએ નિરીક્ષણ અથવા તપાસ માટે વાજબી સુવિધાઓ આપવી જોઇશે અને સંસ્થા ત્યાં પોતાની રજૂઆત પણ કરવા હકદાર રહેશે.

**૩૦.** રાજ્ય સરકાર જુદી જુદી કક્ષાની ચિકિત્સા સંસ્થાઓ માટે, ઠરાવવામાં આવે તેટલી ફી વસૂલ કરી શકશે.

રાજ્ય સરકાર દ્વારા ફીની વસૂલાત.

**૩૧.** (૧) રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર આપવાની અથવા તાજું કરવાની નામંજૂરીના અથવા રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર રદ કરતા સત્તામંડળના હુકમથી નારાજ થયેલી કોઇ વ્યક્તિ, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલી મુદતની અંદર, રાજ્ય કાઉન્સિલને અપીલ કરી શકશે:

અપીલ.

પરંતુ રાજ્ય કાઉન્સિલને ખાતરી થાય કે અપીલ કરનાર પૂરતા કારણસર સમયસર અપીલ કરી શક્યો ન હતો, તો તે, ઠરાવેલી મુદત પૂરી થયા પછી કરવામાં આવેલી અપીલ સ્વીકારી શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળની દરેક અપીલ, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેટલી ફી સાથે કરવી જોઇશે.

## પ્રકરણ ૪

## ચિકિત્સા સંસ્થાઓનું રજિસ્ટર

**૩૨.** (૧) સત્તામંડળે, પોતાની સ્થાપનાના બે વર્ષની મુદતની અંદર, પોતાના દ્વારા રજિસ્ટર થયેલી ચિકિત્સા સંસ્થાઓના રજિસ્ટરનું સંકલન કરવું જોઇશે, તે પ્રસિદ્ધ કરવું જોઇશે અને ડિજિટલ સ્વરૂપે નિભાવવું જોઇશે અને તેણે આવી રીતે કાઢી આપેલા પ્રમાણપત્રની વિગતો, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે નિભાવવાના રજિસ્ટરમાં નોંધવી જોઇશે.

ચિકિત્સા સંસ્થાઓનું રજિસ્ટર.

(૨) તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદા હેઠળ ચિકિત્સા સંસ્થાઓના રજિસ્ટ્રેશન માટે રચવામાં આવેલા બીજા કોઇ સત્તામંડળ સહિત, દરેક સત્તામંડળે, રાજ્યમાંના રજિસ્ટ્રેશન (નોંધણી) સત્તામંડળ દ્વારા નિભાવવામાં આવતા રજિસ્ટર પ્રમાણે રાજ્યનું રજિસ્ટર સતત અદ્યાવત કરવામાં આવે છે તે બાબત સુનિશ્ચિત કરવા માટે,

ચિકિત્સા સંસ્થાઓના રજિસ્ટરમાં કરવામાં આવેલી દરેક નોંધની નકલ, ઠરાવવામાં આવે તેવી રીતે, ડિજિટલ સ્વરૂપે, ચિકિત્સા સંસ્થાની રાજ્ય કાઉન્સિલને પૂરી પાડવી જોઇશે.

**ચિકિત્સા સંસ્થાઓનું રાજ્ય રજિસ્ટર નિભાવવા બાબત.**

**૩૩.** (૧) રાજ્ય કાઉન્સિલે, ચિકિત્સા સંસ્થાઓના સંબંધમાં, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી વિગતો ધરાવતું, ચિકિત્સા સંસ્થાઓના રાજ્ય રજિસ્ટર તરીકે ઓળખાતું રજિસ્ટર, ડિજિટલ તેમજ ઠરાવવામાં આવે તેવા સ્વરૂપે નિભાવવું જોઇશે.

(૨) રાજ્ય કાઉન્સિલ-એ, રાજ્ય ચિકિત્સા સંસ્થા રજિસ્ટરની એક નકલ ડિજિટલ ફોર્મેટમાં રાષ્ટ્રીય કાઉન્સિલને મોકલવી જોઇશે અને ચોક્કસ મહિના માટે આવા રજિસ્ટરમાં કરવામાં આવેલ તમામ ઉમેરા અને બીજા સુધારાની, ત્યાર પછીના મહિનાની પંદરમી તારીખ સુધીમાં રાષ્ટ્રીય કાઉન્સિલને જાણ કરવી જોઇશે.

## પ્રકરણ ૫

## શિક્ષા

**શિક્ષા.**

**૩૪.** આ અધિનિયમની કોઇ જોગવાઇનું ઉલ્લંઘન કરે તેવી કોઇ વ્યક્તિ, અન્યત્ર કોઇ શિક્ષાની જોગવાઇ કરેલ ન હોય તો પ્રથમ ગુના માટે દસ હજાર રૂપિયા સુધીના દંડની, બીજા ગુના માટે  પચાસ હજાર રૂપિયા સુધીના દંડની અને ત્યારપછીના કોઇ ગુના માટે એક લાખ રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

**બિન-રજિસ્ટ્રેશન માટે નાણાકીય શિક્ષા(દંડ).**

**૩૫.** (૧) રજિસ્ટ્રેશન વિના ચિકિત્સા સંસ્થા ચલાવે તેવી કોઇ વ્યક્તિ, પ્રથમ ઉલ્લંઘન માટે પચીસ હજાર રૂપિયા સુધીના નાણાકીય દંડને, બીજા ઉલ્લંઘન માટે પચાસ હજાર રૂપિયા સુધીના નાણાકીય દંડને અને ત્યારપછીના કોઇ ઉલ્લંઘન માટે એક લાખ રૂપિયા સુધીના નાણાકીય દંડને પાત્ર થશે.

(૨) આ અધિનિયમ હેઠળ યોગ્ય રીતે રજિસ્ટર થયેલી ન હોય તેવી કોઇ ચિકિત્સા સંસ્થામાં જાણીજોઇને સેવા આપે તેવી કોઇ વ્યક્તિ, પચાસ હજાર રૂપિયા સુધીના નાણાકીય દંડને પાત્ર થશે.

(૩) પેટા-કલમો (૧) અને (૨) હેઠળ ન્યાયનિર્ણય કરવાના હેતુ માટે, સત્તામંડળે, કોઇ નાણાકીય દંડ લાદવાના હેતુ માટે, સંબંધિત કોઇપણ વ્યક્તિને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, ઠરાવેલી રીતે તપાસ કરવી જોઇશે.

(૪) તપાસ કરતી વખતે, સત્તામંડળને, કેસની હકીકતો અને સંજોગોથી પરિચિત હોય તેવી કોઇપણ વ્યક્તિને, સત્તામંડળના અભિપ્રાય પ્રમાણે તપાસના વિષય-વસ્તુમાં ઉપયોગી થઇ શકે અથવા તેની સાથે સુસંગત હોય એવા કોઇ પુરાવા આપવા અથવા કોઇ દસ્તાવેજ રજૂ કરવા માટે, બોલાવવાની અને હાજર રહેવાની ફરજ પાડવાની સત્તા રહેશે અને આવી તપાસમાં તેને ખાતરી થાય કે તે વ્યક્તિ પેટા-કલમો (૧) અને (૨)માં નિર્દિષ્ટ જોગવાઇઓનું પાલન કરવામાં નિષ્ફળ રહી છે, તો તે હુકમ દ્વારા, તે પેટા-કલમોમાં નિર્દિષ્ટ નાણાકીય શિક્ષા લાદી શકશે અને હુકમના ત્રીસ દિવસોની અંદર કલમ ૩૬ની પેટા-કલમ (૮)માં ઉલ્લેખેલ ખાતામાં જમા કરવા જણાવી શકશે.

(૫) નાણાકીય દંડનું પ્રમાણ નક્કી કરતા સમયે, સત્તામંડળે, ચિકિત્સા સંસ્થાના વર્ગ, કદ અને પ્રકાર અને સંસ્થા જ્યાં આવેલી હોય તે વિસ્તારની સ્થાનિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખવી જોઇશે.

(૬) સત્તામંડળના નિર્ણયથી નારાજ થયેલી કોઇપણ વ્યક્તિ, સદરહુ **નિર્ણય** મળ્યાની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર, રાજય કાઉન્સિલને અપીલ કરી શકશે.

(૭) પેટા-કલમ (૬)માં ઉલ્લેખેલ અપીલ દાખલ કરવાની રીત, ઠરાવવામાં આવે તેવી રહેશે.

**આદેશનો અનાદર કરવા, અવરોધ ઊભો કરવા અને માહિતીનો ઇનકાર કરવા બાબત.**

**૩૬.** (૧) આ અધિનિયમ હેઠળ આદેશ આપવાની સત્તા આપેલ હોય તેવી કોઇ વ્યક્તિ અથવા સત્તામંડળના કાયદેસર રીતે આપવામાં આવેલા આદેશનો ઇરાદાપૂર્વક અનાદર કરે અથવા આ અધિનિયમ હેઠળ કોઇ વ્યક્તિ અથવા સત્તામંડળને, કરવા માટે ફરમાવ્યું હોય અથવા સત્તા આપેલ હોય તેવા કોઇ કાર્યો કરવામાં અવરોધ ઊભો કરે, તેવી વ્યક્તિ, પાંચ લાખ રૂપિયા સુધીના નાણાકીય દંડને પાત્ર થશે.

(૨) આ અધિનિયમથી અથવા તે હેઠળ કોઇ માહિતી આપવા માટે ફરમાવ્યું હોય તેવી કોઇ વ્યક્તિ, ઇરાદાપૂર્વક આવી માહિતીને રોકે અથવા જે માહિતી ખોટી હોવાનું પોતે જાણતો હોય અથવા સાચી નહિં હોવાનું પોતે માનતો હોય તેવી માહિતી આપે, તે પાંચ લાખ રૂપિયા સુધીના નાણાકીય દંડને પાત્ર થશે.

(૩) પેટા-કલમો (૧) અને (૨) હેઠળ ન્યાયનિર્ણય કરવાના હેતુ માટે, સત્તામંડળે, કોઇ નાણાકીય દંડ લાદવાના હેતુસર, સંબંધિત કોઇપણ વ્યક્તિને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, ઠરાવેલી રીતે તપાસ કરવી જોઇશે.

(૪) તપાસ કરતી વખતે, સત્તામંડળને, કેસની હકીકતો અને સંજોગોથી પરિચિત હોય તેવી કોઇપણ વ્યક્તિને, સત્તામંડળના અભિપ્રાય પ્રમાણે તપાસના વિષય-વસ્તુમાં ઉપયોગી થઇ શકે અથવા તેને સુસંગત હોય તેવો પુરાવો આપવા અથવા કોઇ દસ્તાવેજ રજૂ કરવા માટે, બોલાવવાની અને હાજર રહેવા ફરજ પાડવાની સત્તા રહેશે અને આવી તપાસમાં તેને, એવી ખાતરી થાય કે તે વ્યક્તિએ પેટા-કલમો (૧) અને (૨)માં નિર્દિષ્ટ કરેલી જોગવાઇઓનું પાલન કરવામાં ચૂક કરેલી છે, તો તે, હુકમથી, તે પેટા-કલમોમાં નિર્દિષ્ટ કરેલો નાણાકીય દંડ લાદી શકશે અને હુકમના ત્રીસ દિવસોની અંદર, પેટા-કલમ (૮)માં ઉલ્લેખેલ ખાતામાં જમા કરાવવા માટે જણાવી શકશે.

(૫) નાણાકીય દંડનું પ્રમાણ નક્કી કરતી વખતે, સત્તામંડળે, ચિકિત્સા સંસ્થાના વર્ગ, કદ અને પ્રકાર તેમજ સંસ્થા જે વિસ્તારમાં આવેલી હોય તે વિસ્તારની સ્થાનિક પરિસ્થિતિઓને ધ્યાનમાં લેવી જોઇશે.

(૬) સત્તામંડળના નિર્ણયથી નારાજ થયેલી કોઇપણ વ્યક્તિ, આવો નિર્ણય મળ્યાની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર, રાજ્ય કાઉન્સિલ(પરિષદ) ને અપીલ કરી શકશે.

(૭) પેટા-કલમ (૬)માં ઉલ્લેખેલી અપીલ દાખલ કરવાની રીત, ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૮) કલમ ૩૫ હેઠળ અને આ કલમ હેઠળ વસૂલ કરેલો નાણાકીય દંડ, રાજ્ય સરકાર આ અર્થે હુકમથી નિર્દિષ્ટ કરે તેવા ખાતામાં જમા કરાવવો જોઇશે.

નજીવી ખામીઓ માટે દંડ.

**૩૭.** જે કોઇ વ્યક્તિ, કોઇ દર્દીના આરોગ્ય અને સલામતીને જોખમ ઉભું થવાનો ભય ન હોય અને જેને વાજબી સમયમાં સુધારી શકાય એવી ખામીઓમાં પરિણમે તેવું, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇ નિયમની કોઇપણ જોગવાઇઓનું ઉલ્લંઘન કરે, તેવી વ્યક્તિ, દસ હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

કંપનીઓ દ્વારા ઉલ્લંઘન.

**૩૮.** (૧) આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલા કોઇ નિયમની કોઇપણ જોગવાઇઓનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ કંપની હોય, ત્યારે ઉલ્લંઘન કરવામાં આવ્યું હોય

તે સમયે કંપનીનો હવાલો સંભાળતી હોય અને કંપનીના કાર્ય-સંચાલન માટે કંપનીને જવાબદાર હોય તેવી દરેક વ્યક્તિ તેમજ કંપની, ઉલ્લંઘન માટે દોષિત હોવાનું ગણાશે અને દંડને પાત્ર થશે:

પરંતુ એવી વ્યક્તિ એમ સાબિત કરે કે તે ઉલ્લંઘન તેની જાણ બહાર થયું હતું અથવા તે ઉલ્લંઘન થતું અટકાવવા માટે તેણે ઘટતી તમામ કાળજી રાખી હતી, તો તે વ્યક્તિ, આ પેટા-કલમમાંના કોઇ મજકૂરથી, કોઇ શિક્ષાને પાત્ર થશે નહિ.

(૨) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ અધિનિયમની અથવા અથવા તે હેઠળ કરેલા કોઇ નિયમની કોઇપણ જોગવાઇઓનું ઉલ્લંઘન કોઇ કંપનીએ કર્યું હોય અને એવું સાબિત થાય કે તે ઉલ્લંઘન કંપનીના કોઇ ડિરેક્ટર, મેનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારીની સંમતિથી અથવા તેની મૂક સંમતિથી કરવામાં આવ્યું છે અથવા તેમના તરફથી થયેલી કોઇ બેદરકારીને કારણે થયું છે, તો તેવા ડિરેકટર, મેનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારી પણ તે ઉલ્લંઘન માટે દોષિત ગણાશે અને દંડને પાત્ર થશે.

સ્પષ્ટીકરણ.- આ કલમના હેતુઓ માટે,-

(ક) "કંપની" એટલે કોઇ સંસ્થાપિત મંડળ અને તેમાં પેઢી અથવા વ્યક્તિઓના બીજા એસોસિએશનનો સમાવેશ થાય છે; અને

(ખ) પેઢીના સંબંધમાં "ડિરેકટર" એટલે પેઢીનો ભાગીદાર.

**સરકારી ચિકિત્સા સંસ્થાઓએ કરેલા ગુના.**

**૩૯.** **(૧)** આ અધિનિયમ હેઠળનો ગુનો, આ અધિનિયમના આરંભ પછી છ મહિનાની મુદતની અંદર, કોઇ સરકારી ચિકિત્સા સંસ્થા દ્વારા કરવામાં આવ્યો હોય, ત્યારે ચિકિત્સા સંસ્થાના વડાને તે ગુના માટે દોષિત ગણવામાં આવશે અને તદ્દનુસાર તેની વિરૂધ્ધ કાર્યવાહીને અને દંડને પાત્ર થશે:

પરંતુ **ચિકિત્સા સંસ્થા**ના વડા એવું સાબિત કરે છે કે ગુનો તેમની જાણ બહાર થયો હતો અથવા તેવો ગુનો થતો અટકાવવા માટે તેમણે ઘટતી તમામ કાળજી લીધી હતી, તો તે, આ કલમમાંના કોઇ મજકૂરથી, કોઇ શિક્ષાને પાત્ર થશે નહિ.

(૨)	પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ અધિનિયમ હેઠળનો ગુનો, સરકારની ચિકિત્સા સંસ્થા દ્વારા કરવામાં આવ્યો હોય અને એવું સાબિત થાય કે ગુનો ચિકિત્સા સંસ્થાના વડા સિવાયના, કોઇ અધિકારીની, સંમતિથી અથવા મૂકસંમતિથી કરવામાં આવ્યો છે અથવા તેના તરફથી થયેલી કોઇ બેદરકારીને કારણે થયો છે, ત્યારે આવા અધિકારી પણ તે ગુના માટે દોષિત હોવાનું ગણાશે અને તેની વિરૂધ્ધ કાર્યવાહી કરી શકાશે અને તદનુસાર તે શિક્ષાને પાત્ર થશે.

જમીન મહેસૂલની બાકી તરીકે દંડની વસૂલાત.

**૪૦.** દંડ ચૂકવવામાં ચૂક કરે તેવી કોઇ વ્યક્તિ માટે, ચિકિત્સા સંસ્થાની રાજ્ય પરિષદ, તેણે અધિકૃત કરેલા અધિકારીએ સહી કરેલું, તેવી વ્યક્તિ પાસેથી લેણો થતો દંડ નિર્દિષ્ટ કરતું પ્રમાણપત્ર તૈયાર કરી શકશે અને આવી વ્યક્તિ જે જિલ્લામાં કોઇ મિલકત ધરાવતી હોય અથવા વસવાટ કરતી હોય અથવા તેનો ધંધો ચલાવતી હોય તે જિલ્લાના કલેક્ટરને તે મોકલી શકશે. સદરહુ કલેક્ટરે, આવું પ્રમાણપત્ર મળ્યેથી, જાણે કે તે જમીન મહેસૂલની બાકી રકમ હોય તેમ, તેમાં નિર્દિષ્ટ કરેલી રકમ તેવી વ્યક્તિ પાસેથી વસૂલવા માટેની કાર્યવાહી કરવી જોઇશે.

## પ્રકરણ ૬

## પ્રકીર્ણ

શુદ્ધબુદ્ધિથી લીધેલા પગલાંને રક્ષણ.

**૪૧.** (૧) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇ નિયમની જોગવાઇઓ અનુસાર શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઇ કાર્યના સંબંધમાં, સત્તામંડળના કોઇ સભ્ય અથવા રાજ્ય પરિષદના કોઇ સભ્ય અથવા આ અર્થે અધિકૃત કરેલા કોઇ અધિકારી સામે કોઇ દાવો, ફોજદારી કામ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઇ શકશે નહિ.

(૨) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇ નિયમની જોગવાઇઓ અનુસાર શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઇ કાર્યથી થયેલા અથવા થવાનો સંભવ હોય તેવા કોઇ હાનિ અથવા નુકસાનના સંબંધમાં, રાજ્ય સરકાર સામે કોઇ દાવો અથવા બીજી કાનૂની કાર્યવાહી કરી શકાશે નહિ.

પત્રકો વગેરે રજૂ કરવા બાબત.

**૪૨.** દરેક ચિકિત્સા સંસ્થાએ, તે અર્થે ઠરાવવામાં આવે, તેવા સમયની અંદર અથવા તેવા લંબાવેલા સમયની અંદર, ઠરાવવામાં આવે તે રીતે, તેવા પત્રકો અથવા આંકડાઓ અને બીજી માહિતી સત્તામંડળને રજૂ કરવાની રહેશે.

૪૩. આ અધિનિયમની પૂર્વવર્તી જોગવાઇઓને બાધ આવ્યા સિવાય, રાજ્ય સરકારને, ચિકિત્સા સંસ્થાઓના યોગ્ય કામકાજ માટે પત્રકો, આંકડાઓ અને બીજી માહિતી રજૂ કરવા સહિતના આદેશો આપવાની સત્તા રહેશે અને તેવા આદેશો બંધનકર્તા રહેશે. આદેશો આપવાની સત્તા.

૪૪. સત્તામંડળ અને રાજ્ય પરિષદના દરેક કર્મચારી, આ અધિનિયમની જોગવાઇઓ અનુસાર કાર્ય કરતા હોય અથવા તેમ કરવાનું અભિપ્રેત હોય, ત્યારે ભારતના ફોજદારી અધિનિયમ (સન ૧૮૬૦ના ૪૫-મા)ની કલમ ૨૧ના અર્થ મુજબ જાહેર સેવકો હોવાનું ગણાશે. સત્તામંડળના કર્મચારીઓ વગેરે જાહેર સેવકો હોવા બાબત.

૪૫. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, પૂર્વ-પ્રસિદ્ધિની શરતને અધીન રહીને, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે: નિયમો કરવાની સત્તા.

પરંતુ રાજ્ય સરકારને ખાતરી થાય કે તાત્કાલિક પગલું લેવાનું જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે, તો તે, આ અધિનિયમ હેઠળ કરવાના કોઇપણ નિયમની પૂર્વ-પ્રસિદ્ધિ વિના ચલાવી શકશે.

(૨) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે અને જે સત્રમાં તે નિયમો એવી રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્ર અથવા તેની તરત પછીના સત્રમાં રાજ્ય વિધાનમંડળ તેમાંથી જે કંઇ રદ કરે અથવા રાજ્ય વિધાનમંડળ, તેમાં જે કોઇ ફેરફાર કરે, તેને તે અધીન રહેશે.

(૩) રાજ્ય વિધાનમંડળ એવી રીતે જે કંઇ રદ કરે અથવા તેમાં જે કંઇ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયેથી તે અમલમાં આવશે.

૪૬. (૧) આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં કોઇ મુશ્કેલી ઊભી થાય, તો રાજ્ય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે પોતાને જરૂરી અથવા ઇષ્ટ જણાય તેવી, આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય, તેવી જોગવાઇઓ કરી શકશે: મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.

પરંતુ આ અધિનિયમના આરંભની તારીખથી બે વર્ષની મુદત પૂરી થયા પછી, આવો કોઇ હુકમ કરી શકાશે નહિ.

(૨) આ કલમ હેઠળ કરેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઇશે. સન ૧૯૪૯નો મુંબઇનો ૧૫-મો.

રદ કરવા બાબત અને અપવાદ.

**૪૭.** (૧) આ અધિનિયમના આરંભથી, ગુજરાત રાજ્યને લાગુ પડતો ગુજરાત નર્સિંગ હોમ રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૪૯ રદ થશે.

(૨) સદરહુ અધિનિયમ આવી રીતે રદ થવા છતાં, તે અધિનિયમથી અથવા અધિનિયમ હેઠળ (કરેલા કોઇ નિયમ અથવા હુકમ, બહાર પાડેલા જાહેરનામા અથવા કરેલી નિમણૂક સહિતનું) કરેલું કોઈ કાર્ય અથવા લીધેલું કોઇ પગલું, આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેટલે સુધી, આ અધિનિયમથી અથવા તે હેઠળ કરેલું અથવા લીધેલું હોવાનું ગણાશે અને આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ કરેલા કોઈ કાર્ય અથવા લીધેલા કોઈ પગલાંથી તે રદ કરવામાં ન આવે, ત્યાં સુધી અમલમાં હોવાનું ચાલુ રહેશે.

## ઉદ્દેશો અને કારણો

હાલમાં, જાહેર અને ખાનગી એમ બંને ક્ષેત્રો દ્વારા, આરોગ્ય સંભાળ વિતરણ વ્યવસ્થાથી, લોકોને પૂરી પાડવામાં આવતી સેવાઓની ગુણવત્તાની દેખરેખ રાખવા અને તેનું નિયમન કરવાને લગતી બાબત મહદઅંશે વિવાદાસ્પદ રહી છે અને તેથી વણઉકેલાયેલો પ્રશ્ન બની ગયેલ છે. આરોગ્ય સંભાળ વિતરણ વ્યવસ્થાનું હાલનું માળખું, કાર્યક્ષમતામાં સુધારણા માટે પૂરતું પ્રોત્સાહન પૂરું પડાતું નથી. રાજ્યમાંની ખાનગી ક્ષેત્રની આરોગ્ય સંભાળ વિતરણ વ્યવસ્થા, મહદઅંશે અનિયંત્રિત અને નિરંકુશ રહી છે. અપૂરતી અને અયોગ્ય સારવાર, ઊંચી કક્ષાની ટેક્નોલોજીનો વધુ પડતો ઉપયોગ અને મર્યાદિત સાધનોના દુર્વ્યયની સમસ્યાથી માંડીને તબીબી ગેરરીતિ અને બેદરકારી જેવી ગંભીર સમસ્યાઓ ઉદભવે છે.

તદનુસાર, રાજ્યભરમાં, ચિકિત્સા સંસ્થાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી સુવિધાઓ અને સેવાઓના સમાન ધોરણો સુનિશ્ચિત કરવા માટે રાજ્ય વિધાન (ઘડવા) માટેની જરૂરિયાત  લાંબા સમયથી જણાઈ છે.

આ વિધેયકથી, ગુજરાત રાજ્યને લાગુ પડતો ગુજરાત નર્સિંગ હોમ રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૪૯ રદ કરવા અને ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, ગુજરાત ચિકિત્સા સંસ્થા (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ પુન:અધિનિયમિત કરવા ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોથી, વિધેયકની મહત્વની જોગવાઇઓ ટૂંકમાં સમજાવવામાં આવી છે:-

**કલમ ૧.-** આ કલમથી, અધિનિયમની ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભની જોગવાઇ કરી છે.

**કલમ ૨.-** આ કલમથી, વિધેયકમાં વાપરેલા અમુક શબ્દોની વ્યાખ્યા કરી છે.

**કલમ ૩.-** આ કલમથી, તેમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના સભ્યોની બનેલી ચિકિત્સા સંસ્થા ની રાજ્ય કાઉન્સિલની રચના માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૪.-** આ કલમથી, રાજ્યની ચિકિત્સા સંસ્થાઓના રાજ્ય રજિસ્ટરનું સંકલન કરવા અને અદ્યાવત કરવા અને વધુમાં, રાષ્ટ્રીય રજિસ્ટરને અદ્યાવત કરવા માટે ડિજિટલ સ્વરૂપે માસિક પત્રકો મોકલવા માટે રાજ્ય પરિષદે, રાષ્ટ્રીય પરિષદને પૂરી પાડવાની માહિતી માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૫.-** આ કલમથી, તેમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના સભ્યોના બનેલા, દરેક જિલ્લા માટેના, ચિકિત્સા સંસ્થાના જિલ્લા રજિસ્ટ્રેશન સત્તામંડળની રચના માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૬.-** આ કલમથી, અધિનિયમની જોગવાઈઓ અનુસાર યોગ્ય રીતે રજિસ્ટર થયેલી ચિકિત્સા સંસ્થાના રજિસ્ટ્રેશન માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૭.-** આ કલમથી, તેમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની શરતોના પાલનને અધીન રહીને, દરેક ચિકિત્સા સંસ્થાનું રજિસ્ટ્રેશન કરાવવા અને ચાલુ રાખવા અંગેની શરત માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૮.-** આ કલમથી, જુદી-જુદી પદ્ધતિઓની ચિકિત્સા સંસ્થાના વર્ગીકરણ માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૯.-** આ કલમથી, ચિકિત્સા સંસ્થાના કામચલાઉ રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર અંગેની અરજી કરવા માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૧૦.-** આ કલમથી, ચિકિત્સા સંસ્થાનું રજિસ્ટ્રેશન કરાવવા માંગતા અરજદારને કામચલાઉ રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર કાઢી આપવા માટેની જોગવાઇ કરી છે.

**કલમો ૧૧ થી ૧૮.-** આ કલમોથી, ચિકિત્સા સંસ્થાના કામચલાઉ રજિસ્ટ્રેશન માટેની અમુક શરતો અને માપદંડો માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૧૯.-** આ કલમથી, ચિકિત્સા સંસ્થાના કાયમી રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર માટે અરજી કરવાની જોગવાઈ કરી છે.

**કલમો ૨૦ થી ૨૭.-** આ કલમોથી, ચિકિત્સા સંસ્થાના કાયમી રજિસ્ટ્રેશનની કાર્યરીતિ અને અમુક શરતો અને માપદંડોની જોગવાઇ કરી છે.

**કલમ ૨૮.-** આ કલમથી, જિલ્લા રજિસ્ટ્રેશન સત્તામંડળ અથવા તેણે અધિકૃત કરેલા અધિકારી દ્વારા ચિકિત્સા સંસ્થાના નિરીક્ષણની જોગવાઈ કરી છે.

**કલમ ૨૯.-** આ કલમથી, જિલ્લા રજિસ્ટ્રેશન સત્તામંડળની અથવા તેણે અધિકૃત કરેલા અધિકારીની, કોઇપણ વાજબી સમયે, ચિકિત્સા સંસ્થામાં પ્રવેશ કરવાની અને તપાસ કરવાની સત્તા માટેની અને ચિકિત્સા સંસ્થાએ નિરીક્ષણ અથવા તપાસ માટે વાજબી સુવિધાઓ આપવી જોઇશે અને તેઓ ત્યાં રજૂઆત કરવાને હકદાર હોવા અંગેની જોગવાઇ કરી છે.

**કલમ ૩૦.-** આ કલમથી, જુદી જુદી કક્ષાની ચિકિત્સા સંસ્થા માટે ફી વસૂલ કરવાની જોગવાઈ કરી છે.

**કલમ ૩૧.-** આ કલમથી, રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર આપવાની અથવા તાજું કરવાની નામંજૂરીના અથવા રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર રદ કરતા જિલ્લા રજિસ્ટ્રેશન સત્તામંડળના હુકમથી નારાજ થયેલી કોઇ વ્યક્તિ દ્વારા અપીલ રજૂ કરવા માટેની જોગવાઈ કરી છે.

**કલમો ૩૨ અને ૩૩.-** આ કલમોથી, જિલ્લા રજિસ્ટ્રેશન સત્તામંડળે રજિસ્ટરનું સંકલન કરવાની, પ્રસિદ્ધ કરવાની અને ડિજિટલ સ્વરૂપે નિભાવવાની અને રાજ્ય કાઉન્સિલ દ્વારા આવું રજિસ્ટર નિભાવવાની જોગવાઈ કરી છે.

**કલમો ૩૪ થી ૪૦.-** આ કલમોથી, શિક્ષાની જોગવાઈ કરી છે.

**કલમ ૪૧.-** આ કલમથી, શુદ્ધબુદ્ધિથી લીધેલા પગલાંને રક્ષણ માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૪૨.-** આ કલમથી, જિલ્લા રજિસ્ટ્રેશન સત્તામંડળને, તેવા પત્રકો અથવા આંકડાઓ અને બીજી માહિતી રજૂ કરવાની જોગવાઈ કરી છે.

**કલમ ૪૩.-** આ કલમથી, ચિકિત્સા સંસ્થાના યોગ્ય કામકાજ માટે પત્રકો, આંકડાઓ અને બીજી માહિતી રજૂ કરવા સહિતના આદેશો આપવાની રાજ્ય સરકારની સત્તા અને એવા આદેશો બંધનકર્તા રહેશે તે અંગેની જોગવાઈ કરી છે.

**કલમ ૪૪.-** આ કલમથી એવી જોગવાઈ કરી છે કે સત્તામંડળના કર્મચારીઓ વગેરે ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ જાહેર સેવકો હોવાનું ગણાશે.

**કલમ ૪૫.-** આ કલમથી, રાજ્ય સરકારની, આ અધિનિયમ હેઠળ નિયમો કરવાની સત્તા અંગેની જોગવાઈ કરી છે.

**કલમ ૪૬.-** આ કલમથી, રાજ્ય સરકારને, અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં ઊભી થતી મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા મળે છે.

**કલમ ૪૭.-** આ કલમથી, ગુજરાત રાજ્યને લાગુ પડતો ગુજરાત નર્સિંગ હોમ રજિસ્ટ્રેશન અધિનિયમ,૧૯૪૯ રદ કરવાની અને અમુક પગલાં અપવાદરૂપ હોવા અંગેની જોગવાઈ કરી છે.

## નાણાકીય યાદી

વિધેયકની કલમ ૩ અને કલમ ૫ થી રાજય સરકારને, અનુક્રમે દરેક જિલ્લા માટે જિલ્લા રજિસ્ટ્રેશન સત્તામંડળ અને ચિકિત્સા સંસ્થાઓ માટેની રાજય કાઉન્સિલ રચવાની સત્તા મળે છે. આથી, વિધેયક અધિનિયમિત કરવામાં આવે અને અમલમાં લાવવામાં આવે, તો તેનાથી રાજયના એકત્રિત ફંડમાંથી ખર્ચનો સમાવેશ થાય છે. તેમ છતાં, હાલ તેવા હેતુ માટે ગ્રાન્ટ(અનુદાન)ની રકમનો ચોક્કસ અંદાજ મેળવવો સંભવ નથી.

**નીતિન પટેલ,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકથી, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણી માટે જોગવાઇ કરી છે:-

**કલમ ૧.-** આ કલમની પેટા-કલમ (૩)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે અને તેનાથી, જુદી જુદી કક્ષાઓની ચિકિત્સા સંસ્થાઓ માટે અને જુદી જુદી માન્યતાપ્રાપ્ત ચિકિત્સા પદ્ધતિઓ માટે જુદી જુદી તારીખો નક્કી કરવાની પણ સત્તા મળે છે.

**કલમ ૩-** આ કલમની પેટા-કલમ (૧)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, ચિકિત્સા સંસ્થાની રાજ્ય કાઉન્સિલની રચના કરવાની સત્તા મળે છે.

**કલમ ૫.-** (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, ચિકિત્સા સંસ્થાઓના રજિસ્ટ્રેશન માટે, દરેક જિલ્લામાં, તેમાં નિર્દિષ્ટ કરેલાં સભ્યોના બનેલા, જિલ્લા રજિસ્ટ્રેશન સત્તામંડળ તરીકે ઓળખાતા સત્તામંડળની રચના કરવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, જિલ્લા આરોગ્ય અધિકારી અથવા મુખ્ય તબીબી અધિકારી જે કાર્યરીતિ પ્રમાણે સત્તામંડળની સત્તા વાપરશે તે કાર્યરીતિ, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૭.-** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, દરેક ચિકિત્સા સંસ્થાએ, રજિસ્ટ્રેશન માટે અને રજિસ્ટ્રેશન ચાલુ રાખવા માટે પરિપૂર્ણ કરવાના, સુવિધાઓ અને સેવાના ધોરણો, કર્મચારીવર્ગની જરૂરિયાત, રેકર્ડની જાળવણી માટેની અને અહેવાલ તૈયાર કરવા માટેની જોગવાઇઓ અને એવી બીજી શરતો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૮.-** (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, જુદી-જુદી પદ્ધતિઓની ચિકિત્સા સંસ્થાઓને જે કક્ષાઓમાં વર્ગીકૃત કરવી જોઇશે તે કક્ષાઓ નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, જુદી-જુદી પદ્ધતિઓની ચિકિત્સા સંસ્થાઓના, જુદી-જુદી કક્ષાઓના વર્ગીકરણ માટે જુદા-જુદા ધોરણો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૯.-** (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, રજિસ્ટ્રેશનના કામચલાઉ પ્રમાણપત્ર માટે અરજીનું નિયત પત્રક નિયમોથી ઠરાવવાની અને આવી અરજી સાથે ભરવાની ફી ઠરાવવાની પણ સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને, રજિસ્ટ્રેશનના કામચલાઉ પ્રમાણપત્ર માટેની અરજી સાથે જોડવાની થતી વિગતો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૧૦.-** આ કલમથી, રાજ્ય સરકારને, જિલ્લા રજિસ્ટ્રેશન સત્તામંડળે, આવી અરજી મળ્યાની તારીખથી પંદર દિવસની મુદતની અંદર વિગતો ધરાવતા જે નમૂનામાં કામચલાઉ પ્રમાણપત્ર કાઢી આપવું જોઇશે તે નમૂનો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૧૧.-** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, જિલ્લા રજિસ્ટ્રેશન સત્તામંડળ દ્વારા જે રીતે કામચલાઉ ધોરણે રજિસ્ટર થયેલી ચિકિત્સા સંસ્થાની તમામ વિગતો કામચલાઉ રજિસ્ટ્રેશન આપ્યાના પિસ્તાળીસ દિવસની મુદતની અંદર, પ્રસિદ્ધ કરવી જોઇશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૧૪.-** આ કલમથી, રાજ્ય સરકારને, પ્રમાણપત્ર ખોવાઈ જવાના, નષ્ટ થઈ જવાના, ફાટી જવાના અથવા ક્ષતિગ્રસ્ત થઈ જવાના કિસ્સામાં, જિલ્લા રજિસ્ટ્રેશન સત્તામંડળે, ચિકિત્સા સંસ્થાની વિનંતીથી, પ્રમાણપત્રની બીજી નકલ કાઢી આપવા માટે ચૂકવવાની ફી, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૧૫.-** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, ચિકિત્સા સંસ્થાએ, જિલ્લા રજિસ્ટ્રેશન સત્તામંડળને માલિકી અથવા સંચાલન મંડળમાં ફેરફાર સંબંધિત જાણ કરવાની રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૧૬.-** આ કલમથી, રાજ્ય સરકારને, જેની રજિસ્ટ્રેશનની મુદત પૂરી થઈ હોય તેવી ચિકિત્સા સંસ્થાના નામો, જિલ્લા રજિસ્ટ્રેશન સત્તામંડળે જેટલા સમયમાં અને જે રીતે પ્રસિદ્ધ કરવાના હોય તે સમય અને રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૧૭.-** આ કલમથી, રાજ્ય સરકારને, કામચલાઉ રજિસ્ટ્રેશનની સમયમર્યાદા પૂરી થયા પછી, રજિસ્ટ્રેશન તાજું કરાવવા માટેની અરજી કર્યાના કિસ્સામાં, વધારાની ફીની ચુકવણી કર્યેથી, જિલ્લા રજિસ્ટ્રેશન સત્તામંડળ તાજું કરવા માટેની મંજૂરી આપશે તે વધારાની ફી, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૧૯.-** આ કલમથી, રાજ્ય સરકારને, ચિકિત્સા સંસ્થાએ, સત્તામંડળને, કાયમી રજિસ્ટ્રેશન માટે જે નમૂનામાં અને જેટલી ફી સાથે અરજી કરવાની રહેશે તે નમૂનો અને ફી, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૨૦.-** આ કલમથી, રાજ્ય સરકારને, ચિકિત્સા સંસ્થાએ, ઠરાવેલા લઘુત્તમ ધોરણોનું પાલન કર્યું હોવાનો પુરાવો, જે રીતે રજૂ કરવો જોઈશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૨૧.-** આ કલમથી, રાજ્ય સરકારને, ચિકિત્સા સંસ્થા, ઠરાવેલા લઘુત્તમ ધોરણોનું પાલન કર્યા અંગેનો જરૂરી પુરાવો રજૂ કરે પછી તરત જ, સત્તામંડળે, ઠરાવેલા ન્યૂનતમ ધોરણોનું પાલન કર્યા અંગે ચિકિત્સા સંસ્થાએ રજૂ કરેલા તમામ પુરાવા, કાયમી રજિસ્ટ્રેશન કરી આપવાની પ્રક્રિયા શરૂ કરતાં પહેલાં ત્રીસ દિવસ સુધી, સામાન્ય જનતાની જાણ અર્થે અને વાંધા, કોઇ હોય, તો તે રજૂ કરવા માટે, જે રીતે પ્રદર્શિત કરવા જોઇશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૨૩.-** આ કલમથી, રાજ્ય સરકારને, ચિકિત્સા સંસ્થા, કાયમી રજિસ્ટ્રેશન માટેના જે ધોરણો પરિપૂર્ણ કરવા જોઇશે, તે ધોરણો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૨૫.-** (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, જિલ્લા રજિસ્ટ્રેશન સત્તામંડળે, તેવી અરજી મળ્યાની તારીખથી પંદર દિવસની અંદર, કાયમી રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર જે વિગતો ધરાવતા નમૂનામાં આપવું જોઇશે તે, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ (૪)થી, રાજ્ય સરકારને, કાયમી રજિસ્ટ્રેશન તાજું કરવા માટેની અરજી, તેવા પ્રમાણપત્રની માન્યતા પૂરી થાય તે પહેલાં છ મહિનાની અંદર કરવામાં આવે તેવા કિસ્સામાં, જિલ્લા રજિસ્ટ્રેશન સત્તામંડળ, જે વધારાની ફીની ચુકવણી કર્યેથી, કાયમી રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર તાજું કરવા માટેની મંજૂરી આપશે તે વધારાની ફી, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૨૯.-** આ કલમથી, રાજ્ય સરકારને, સત્તામંડળ અથવા તેમણે અધિકૃત કરેલા અધિકારી, કોઇપણ વ્યક્તિ રજિસ્ટ્રેશન કરાવ્યા સિવાય ચિકિત્સા સંસ્થા ચલાવી રહી છે તેવી શંકા કરવાને કોઇ કારણ હોય, તો કોઇપણ વાજબી સમયે, જે રીતે ચિકિત્સા સંસ્થામાં પ્રવેશ કરી શકશે અને તપાસ કરી શકશે, તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૩૦.-** આ કલમથી, રાજ્ય સરકારને, જુદી જુદી કક્ષાના ચિકિત્સા સંસ્થા માટે, કેટલી ફી વસૂલ કરવી જોઇશે તે ફી, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૩૧.- (૧)** આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર આપવાની અથવા તાજું કરવાની નામંજૂરીના અથવા રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર રદ કરતા સત્તામંડળના હુકમથી નારાજ થયેલી કોઇ વ્યક્તિ જે મુદતની અંદર રાજ્ય કાઉન્સિલને અપીલ કરી શકશે તે મુદત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને ,જે રીતે અને જેટલી ફી સાથે અપીલ કરવી જોઇશે તે રીત અને ફી, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૩૨.- (૧)** આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, પ્રમાણપત્રની વિગતો નોંધીને ચિકિત્સા સંસ્થાઓના રજિસ્ટર જે નમૂનામાં અને જે રીતે નિભાવવા જોઇશે તે નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**(૨)** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદા હેઠળ ચિકિત્સા સંસ્થાઓના રજિસ્ટ્રેશન માટે સ્થાપવામાં આવેલા બીજા કોઇ સત્તામંડળ સહિત, દરેક જિલ્લા રજિસ્ટ્રેશન સત્તામંડળે, રાજ્યમાંના રજિસ્ટ્રેશન સત્તામંડળ દ્વારા નિભાવવામાં આવતા રજિસ્ટર પ્રમાણે રાજ્યનું રજિસ્ટર સતત અદ્યાવત કરવામાં આવે તે બાબત સુનિશ્ચિત કરવા માટે, ચિકિત્સા સંસ્થાઓના રજિસ્ટરમાં કરવામાં આવેલી દરેક નોંધની નકલ, ડિજિટલ સ્વરૂપે, ચિકિત્સા સંસ્થાની રાજ્ય કાઉન્સિલને જે રીતે પૂરી પાડવી જોઇશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૩૩.-** આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, રાજ્ય કાઉન્સિલે, ચિકિત્સા સંસ્થાઓનું રાજ્ય રજિસ્ટર ડિજિટલ સ્વરૂપે નિભાવવા માટેના નમૂના અને તેવી વિગતો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૩૫.-(૧)** આ કલમની પેટા-કલમ (૩)થી રાજ્ય સરકારને, જિલ્લા રજિસ્ટ્રેશન સત્તામંડળ, કોઇ નાણાકીય દંડ લાદવાના હેતુસર સંબંધિત કોઇપણ વ્યક્તિને સુનાવણીની વાજબી તક આપ્યા પછી બિન-રજિસ્ટ્રેશન માટે નાણાકીય દંડના સંબંધમાં જે રીતે તપાસ કરશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**(૨)** આ કલમની પેટા-કલમ (૭)થી રાજ્ય સરકારને, સત્તામંડળના નિર્ણયથી નારાજ થયેલી કોઇપણ વ્યક્તિ, તેવા નિર્ણય મળ્યાની તારીખથી ત્રણ

મહિનાની મુદતમાં રાજય કાઉન્સિલને જે રીતે અપીલ કરી શકશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૩૬.-(૧)** આ કલમની પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને, જિલ્લા રજિસ્ટ્રેશન સત્તામંડળ, તેવા નાણાકીય દંડ લાદવાના હેતુસર સંબંધિત કોઇપણ વ્યક્તિને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, આદેશનો અનાદર, અવરોધ અને માહિતીનો ઇનકાર કરવાના સંબંધમાં જે રીતે તપાસ કરશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ (૭)થી રાજ્ય સરકારને, સત્તામંડળના નિર્ણયથી નારાજ થયેલી કોઇપણ વ્યક્તિ, તેવા નિર્ણય મળ્યાની તારીખથી ત્રણ મહિનાની મુદતમાં રાજય કાઉન્સિલને જે રીતે અપીલ કરી શકશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૪૨.-** આ કલમથી રાજ્ય સરકારને, દરેક ચિકિત્સા સંસ્થાએ, તેવા પત્રકો અથવા આંકડાઓ અને અન્ય માહિતી જે વધારેલા સમયની અંદર અને જે રીતે, સત્તામંડળને રજૂ કરવા જોઇશે તે વધારેલો સમય અને તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૪૫.-** આ કલમની પેટા-કલમ (૧)થી રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

**કલમ ૪૬.** આ કલમની પેટા-કલમ (૧)થી રાજ્ય સરકારને, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, આ અધિનિયમના આરંભથી બે વર્ષની મુદતની અંદર, આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં ઉભી થતી કોઇ મુશ્કેલી દૂર કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખ: ૩૦મી માર્ચ, ૨૦૨૧.** **નીતિન પટેલ,**

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૦.]

ગુજરાત રાજ્યમાં ચિકિત્સા સંસ્થાઓનું રજિસ્ટ્રેશન કરવા અને તેનું નિયમન કરવા માટેની અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક.

[શ્રી  નીતિન પટેલ,

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી]

(સન ૨૦૨૧ના માર્ચ મહિનાની ૩૦મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,

સચિવ,

ગુજરાત વિધાનસભા.